# ઈરાનમાં પુનઃ વિમાની દુર્ઘટના : ૫૦ના મોત

## ઉંડાણ ભર્યાના ચાર મિનિટ બાદ જ વિમાન તુટી પડ્યું : માર્યા ગયેલાઓમાં નવજાત શિશુ અને માસૂમ બાળકોનો સમાવેશ : વિમાનના બ્લેકબોક્સને શોધવાની કામગીરી જારી : તુટી પડ્યા બાદ વિમાનમાં આગ





તહેરાન,તા. ૧૦

ઈરાનમાં યાત્રી વિમાન દુર્ઘટનાગ્રસ્ત થતાં તમામ ૫૦ વિમાની યાત્રીઓના મોત થયા છે. ઈરાનિયન સમાચાર સંસ્થાએ કહ્યું હતું કે, આ વિમાનમાં ૫૦ લોકો મુસાફરી કરી રહ્યા હતા અને કોઈપણ બચી શક્યા નથી. તહેરાનના મેહરાબાદ નજીક નિવાસી વિસ્તારમાં ઉંડાણ ભરતી વેળા આ યાત્રી વિમાન તુટી પડ્યું હતું. બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે તરત હાથ ધરવામાં આવી હતી. આ બનાવના કારણે કેટલીક આંતરરાષ્ટ્રીય ફ્લાઈટોનો પણ અસર થઈ હતી. સમાચાર સંસ્થાના કહેવા મુજબ આ વિમાન પૂર્વીય શહેર તાબાસ તરફ જઈ રહ્યું હતું અને સવારે ૯.૧૮ વાગે તુટી પડ્યું હતું. અહેવાલ મુજબ વિમાની મથકના પશ્ચિમે આ વિમાન દુર્ઘટનાગ્રસ્ત થયું હતું. જમીન ઉપર ખુવારી થઈ હતી કે કેમ તે અંગે જાણી શકાયું નથી. ફાયર સર્વિસના અધિકારીઓએ કહ્યું હતું કે તમામ યાત્રીઓના મોત થયા છે. ટુરબોપ્રુપ એન્ટોનોવ એએન-૧૪૦ વિમાન તુટી પડ્યું હતું. આ વિમાન તુટી પડ્યા બાદ તેમાં વિનાશકારી આગ ફાટી નિકળી હતી. મોટાભાગની આંતરરાષ્ટ્રીય ફ્લાઈટો તહેરાનના ઈમામ ખોમેની આંતરરાષ્ટ્રીય વિમાની મથકથી ઉંડાણ ભરે છે જે ઈરાનિયન પાટનગરથી પશ્ચિમમાં સ્થિત છે.

શરૂઆતી અહેવાલમાં યાત્રીઓના આંકડાને લઈને દુવિધા ભરી સ્થિતિ હતી. કેટલાક અહેવાલમાં ૩૮ના મોત અને ૧૦ને ઈજાગ્રસ્ત દર્શાવવામાં આવ્યા હતા. નાગરિક ઉડ્ડયન સત્તાવાળાઓએ કહ્યું છે કે, યાત્રીઓમાં બે નવજાત શિશુ અને ત્રણ બાળકો પણ હતા. જેમની વય ૧૨ વર્ષથી નીચેની હતી. ઉંડાણ ભર્યાના ચાર મિનિટ બાદ જ પાયલોટને ટેકનિકલ ખામી વિમાનમાં દેખાઈ હતી જેથી આ વિમાનને વિમાની મથક ઉપર ફરી લાવવાનો પ્રયાસ કરાયો હતો પરંતુ ટ્વિન એન્જિનવાળુ આ વિમાન તુટી પડ્યું હતું અને દિવાલમાં અથડાયું હતું. ચારેબાજુ કાળા ધુમાડા જોવા મળ્યા હતા. વિમાનના બ્લેકબોક્સને શોધી કાઢવાની પ્રક્રિયા હાથ ધરાઈ છે.

# જુવેનાઈલ-જ્યુડિશિયલ બિલ આજે હાથ ધરાય તેવી શક્યતા

## બજેટ સત્રના છેલ્લા સપ્તાહમાં અનેક મહત્વના બિલ : જુવેનાઈલ જસ્ટિસ બોર્ડને વધુ સત્તા આપવા અંગે બિલને લઈ ચર્ચાઓ : કેન્દ્રીય કેબિટને લીલીઝંડી આપી ચુકી છે

નવીદિલ્હી,તા. ૧૦

બજેટ સત્રના છેલ્લા સપ્તાહમાં સરકાર ખુબ જ ભરચક કાર્યક્રમ ધરાવે છે. કેટલાક મહત્વપૂર્ણ બિલ પણ હાથ ધરવામાં આવે તેવી શક્યતા છે. આવતીકાલે જુવેનાઈલ જસ્ટિસ બિલ, જ્યુડિશિયલ એપોઈન્ટમેન્ટ કમિશન બિલ અને રિપિલિંગ એન્ડ એમેડમેન્ટ બિલ હાથ ધરવામાં આવે તેવી શક્યતા છે. આ તમામ કાયદા ઉપર ચર્ચા વિચારણા કરવામાં આવ્યા બાદ આને પસાર કરવામાં આવે તેવી શક્યતા છે. ગયા શુક્રવારે વૈધાનિક વિભાગના અધિકારીઓએ જ્યુડિશિયલ એપોઈન્ટમેન્ટ કમિશન બિલને આખરી ઓપ આપવામાં સફળતા મેળવી હતી. આ બિલ સુપ્રીમ કોર્ટના એક મહત્વપૂર્ણ બિલની જગ્યા લેશે.


કેન્દ્રીય કેબિનેટે બુધવારના દિવસે આ ત્રણેય બિલને લીલીઝંડી આપી હતી. જુવેનાઈલ જસ્ટિસ બિલમાં પ્રવર્તમાન કાયદામાં સુધારાની વ્યવસ્થા છે. આમા ગંભીર પ્રકારના ગુનાઓના કેસમાં જો સગીરની વય નાની હોય તો પણ તેને નિયમિત અપરાધીઓ સાથે ગણવાની બાબતનો સમાવેશ થાય છે. ૧૬ વર્ષથી ઉપરના સગીર સામે કાર્યવાહી કરવાની પણ આમા વાત કરવામાં આવી છે. આ બિલ જુવેનાઈલ જસ્ટિસ બોર્ડને ગંભીર પ્રકારના ગુનાઓમાં સગીર સામે રેગ્યુલર કોર્ટમાં પુખ્ત આરોપી તરીકે ખટલો ચાલવો જોઈએ કે કેમ તે અંગે નિર્ણય કરવાની સત્તા આપવામાં આવી છે. ડિસેમ્બર ૨૦૧૨માં દિલ્હીમાં ગેંગરેપના બનાવ બાદ આને લઈને મામલો વધુ ગંભીર બન્યો હતો. કારણ કે, આ બનાવમાં અપરાધીઓ પૈકીનો એક શખ્સ ૧૮ વર્ષથી નીચેની વયનો હતો. તેને માત્ર ત્રણ વર્ષની સજા કરવામાં આવતા આને લઈને પણ દેશભરમાં લોકોએ નારાજગી વ્યક્ત કરી હતી. હવે સગીર સામે પણ ગંભીર ગુનાઓમાં ખટલો ચલાવી શકાશે.

# એલઓસી પર પાકિસ્તાન દ્વારા ફરી વખત ગોળીબાર

## ૩૭ કલાકમાં બીજી વખત યુદ્ધવિરામનો ભંગ : ભારતીય ચોકીઓને ટાર્ગેટ બનાવી ફરી ગોળીબાર કરાયા બાદ જવાબી કાર્યવાહી થઈ : સરહદ પર તંગદિલી ફેલાઈ

જમ્મુ,તા. ૧૦

માત્ર ૩૭ કલાકના ગાળામાં જ યુદ્ધ વિરામનો બીજી વખત પાકિસ્તાની સેના દ્વારા ભંગ કરવામાં આવ્યો છે. જમ્મુ કાશ્મીરના પૂંચ જિલ્લામાં અંકુશ રેખા ઉપર ભારતીય ચોકીઓ ખાતે પાકિસ્તાની સૈનિકોએ ગોળીબાર કરીને તંગદિલી ફેલાવી દીધી છે. સંરક્ષણ પ્રવક્તા લેફ્ટી. કર્નલ મનિષ મહેતાએ માહિતી આપતા કહ્યું છે કે, પાકિસ્તાની સૈનિકોએ જમ્મુ કાશ્મીરના પૂંચ જિલ્લામાં મેનધાર સેક્ટરમાં અતિઆધુનિક સાધનો મારફતે બિનઉશ્કેરણીજનક રીતે ગોળીબાર કર્યો હતો જેના જવાબમાં પાકિસ્તાન સાથેની સરહદ પર ફરજ બજાવતા ભારતીય જવાનોએ પણ મોરચા સંભાળી લઈને જવાબી કાર્યવાહી કરી હતી જેથી કલાકો સુધી ગોળીબાર ચાલ્યો હતો. બંને પક્ષોએ જાનમાલના નુકસાનના કોઈ અહેવાલ મળ્યા નથી. અંકુશ રેખાની ભારતીય બાજુમાં જવાનો પહેલાથી જ સાવધાન દેખાયા હતા. લેફ્ટી કર્નલ મહેતાએ કહ્યું હતું કે, આજે સવારે પણ ગોળીબાર જારી રહ્યો હતો. આ મહિનાની અંદર પાકિસ્તાને યુદ્ધ વિરામનો ભંગ ત્રીજી વખત કર્યો છે. શુક્રવારના દિવસે જમ્મુ જિલ્લાના આરએસપુરા સેક્ટરમાં ભારત-પાકિસ્તાન સરહદ ઉપર પાકિસ્તાની રેન્જરો દ્વારા બીએસએફના જવાનને સોંપી દીધા બાદ બીજી વખત યુદ્ધવિરામનો ભંગ કરાયો છે. ૮મી ઓગસ્ટના દિવસે પાકિસ્તાની સૈનિકોએ નાના હથિયારો સાથે ભારતીય અગ્રીમ ચોકીઓ ઉપર ગોળીબાર કર્યો હતો. પાંચમી ઓગસ્ટના દિવસે પાકિસ્તાની સૈનિકોએ પૂંચ જિલ્લાના શેરશક્તિ અગ્રીમ પટ્ટામાં અંકુશરેખા પર ગોળીબાર કર્યો હતો. આરએસપુરા સેક્ટરમાં ઉકટેરિયો બીઓપી ખાતે બીએસએફ અને પાકિસ્તાની રેન્જરો વચ્ચે બેઠક યોજાયા બાદ ગોળીબારનો દોર યથાવત રહ્યો છે. એપ્રિલ-મે મહિનાના ગાળામાં અંકુશરેખા ઉપર પાકિસ્તાને યુદ્ધવિરામનો ૧૯ વખત ભંગ કર્યો છે.



# જેટના પાયલોટોની ફરી આંદોલન કરવા ચીમકી

## પગાર એરિયર્સનો મુદ્દો સપાટીએ

મુંબઈ,તા.૧૦

જેટ એરવેઝના પાયલોટોએ ફરીવાર પગાર એરિયર્સના મુદ્દે આંદોલન કરવાની ચેતવણી આપી છે. પાયલોટોએ ધમકી આપતા કહ્યું છે કે જો એરલાઈન ૨૦મી ઓગસ્ટ સુધી ૧૦૦ કરોડની રકમ સુધીના એરિયર્સની ચુકવણી અંગે નક્કર યોજનાની ઓફર કરવામાં નિષ્ફળ રહેશે તો આંદોલન કરવામાં આવશે. જેટ એરવેઝે પાયલોટો તરફથી આવી કોઈ ધમકી મળી હોવાના અહેવાલને રદિયો આપ્યો છે પરંતુ જેટ




એરવેઝની ચિંતા વધી રહી છે. એરલાઈનની વાર્ષિક સામાન્ય બેઠકના એક દિવસ પહેલા આ ધમકી આપવામાં આવી છે. આવતીકાલે પ્રથમ ત્રિમાસિક ગાળાના કમાણીના આંકડા જારી કરવામાં આવનાર છે. એજીએમમાં ચેરમેન નરેશ ગોયલ અને ઈતિહાદના મુખ્ય કારોબારી અને પ્રમુખ જેમ્સ હોગન ઉપસ્થિત રહેશે. જેટ એરવેઝમાં ગલ્ફ કેરિયર ઈતિહાદ દ્વારા ૨૪ ટકા હિસ્સો મેળવવા માટે ૨૦૫૮ કરોડ રૂપિયા રોકવામાં આવ્યા છે. જેટ એરવેઝ હાલમાં રોલ ઉપર ૧૧૦૦ પાયલોટ ધરાવે છે. ૨૦૦૯માં સપ્તાહો સુધી પાયલોટો હડતાળ ઉપર જતા રહ્યા હતા. બે સાથીઓની હકાલપટ્ટી કરવામાં આવ્યા બાદ આ આંદોલન ચાલ્યું હતું. પેન્ડિંગ એરિયર્સ મેનેજમેન્ટની રજૂઆત બાદ ચુકવાયા નથી.

# પીએફ પર વ્યાજદર અંગે ૨૯મીએ નિર્ણય થઈ શકે

## સીબીટીની ૨૯મીએ મહત્વપૂર્ણ બેઠક મળશે : પાંચ કરોડથી વધુ ધારકો માટે વ્યાજદર અંગે નિર્ણય કરવા મુદ્દા પર ચર્ચા થશે : હાલ ૮.૭૫ ટકા વ્યાજ ચુકવાય છે

નવીદિલ્હી,તા. ૧૦

રિટાયર્ડમેન્ટ ફંડ સંસ્થા ઈપીએફઓ વર્તમાન નાણાકીય વર્ષ માટે પીએફ થાપણો ઉપર વ્યાજદરની જાહેરાત ૨૯મી ઓગસ્ટના દિવસે કરે તેવી શક્યતા દેખાઈ રહી છે. ઈપીએફઓ ટ્રસ્ટીની મહત્વપૂર્ણ બેઠક ૨૯મી ઓગસ્ટના દિવસે યોજાનાર છે જેમાં પાંચ કરોડથી વધુ ધારકો માટે વ્યાજદર અંગે નિર્ણય લેવામાં આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. વર્ષ ૨૦૧૪-૧૫ માટે વ્યાજદરની ચુકવણીના મુદ્દા ઉપર આ બેઠકમાં વિશેષ રીતે ચર્ચા કરવામાં આવનાર છે. સેન્ટ્રલ બોર્ડ ઓફ ટ્રસ્ટી (સીબીટી)ની આગામી બેઠક માટે એજન્ડા તૈયાર કરવાની પ્રક્રિયા પરિપૂર્ણ કરી લેવામાં આવી છે. અગાઉ સીબીટીની બેઠક ૨૧મી ઓગસ્ટના દિવસે યોજાનાર હતી

(અનુસંધાન નીચેના પાને)

પરંતુ હવે આ બેઠક ૨૯મી ઓગસ્ટના દિવસે યોજાશે. એમ્પ્લોઈઝ પ્રોવિડંડ ફંડ ઓર્ગેનાઈઝેશન (ઈપીએફઓ) વર્ષ ૨૦૧૩-૧૪ માટે પીએફ થાપણો ઉપર ૮.૭૫ ટકા વ્યાજ ચુકવે છે. જે અગાઉના નાણાંકીય વર્ષ માટે ચુકવવામાં આવેલા ૮.૫૦ ટકાના વ્યાજદર કરતા વધારે છે. એક વરિષ્ઠ અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે, વર્તમાન નાણાંકીય વર્ષ માટે વ્યાજદર નક્કી કરવાની બાબત ખુબ જ જટિલ છે. કારણ કે નવી સરકારે પગાર મર્યાદાને મહિને ૬૫૦૦ રૂપિયાથી વધારીને મહિને ૧૫૦૦૦ કરી દીધી છે. જો કે, નવી વેતનની મર્યાદા હજુ સુધી અમલી બનાવવામાં આવી નથી. કારણ કે સરકારે આ સંદર્ભમાં જાહેરનામુ જારી કર્યું નથી. હાલમાં ઓર્ગેનાઈઝ્ડ સેક્ટરમાં કામ કરતા તમામ વર્કરોને તેમના મૂળભૂત પગારને લઈને ગણતરી કરવામાં આવે છે. પગાર મર્યાદામાં વધારો થવાની સાથે જ ઈપીએફઓ કવરેજ અને ડિપોઝિટમાં વધારો થશે. એવો અંદાજ છે કે, એક વખતે માસિક ૧૫૦૦૦ પગારની યોજના અમલી બન્યા બાદ ૫૦ લાખ વધુ વર્કરો ઈપીએફઓ હેઠળ આવી જશે. નાણાંકીય વર્ષ માટેના આવકના અંદાજના આધાર પર વ્યાજદર નક્કી કરવામાં આવે છે.


# ઈરાકી ત્રાસવાદીઓ સામે અમેરિકી હવાઈ હુમલા

## ઈસ્લામિક સ્ટેટના ટાર્ગેટ પર ચાર હવાઈ હુમલા : ત્રાસવાદીઓના અડ્ડા અને હથિયારોને નષ્ટ કરાયા : ત્રીજા રાઉન્ડના હવાઈ હુમલા : માનવતાવાદી સહાય પણ જારી

બગદાદ,તા. ૧૦

અમેરિકાએ ઉત્તરીય ઈરાકમાં અરબિલ નજીક ઈસ્લામિક કટ્ટરપંથીઓના અડ્ડા પર આજે પણ હવાઈ હુમલાઓ જારી રાખ્યા હતા.ત્રાસવાદીઓના અડ્ડા અને હથિયારો ફુંકી મારવામાં આવ્યા છે. બીજી બાજુ અમેરિકાએ માનવતાવાદી સહાય વિમાન મારફતે આપવાનુ કામ પણ જારી રાખ્યું છે. નાગરિકો પર હુમલા કરવા માટે રાખવામાં આવેલા હથિયારો હવાઈ હુમલામાં નાશ પામ્યા છે. અમેરિકી સેન્ટ્રલ કમાન્ડે કહ્યું છે કે સિન્જાર પહાડી વિસ્તારોમાં આશ્રય લઈ રહેલા લોકો પર ઈસ્લામિક સ્ટેટના ત્રાસવાદીઓ ગોળીબાર કરી રહ્યા મંજૂરી આપ્યા બાદ ઈસ્લામિક સ્ટેટના ત્રાસવાદીઓ પર ત્રીજા રાઉન્ડમાં હુમલા કરવામાં આવ્યા છે. અમેરિકી હુમલાના કારણે ત્રાસવાદી સંગઠન પર ફફડાટ ફેલાઈ ગયો છે. અમેરિકી ડ્રોને મોર્ટાર મોરચા નષ્ટ આવેલી છે. ત્રાસવાદી સંગઠનોના હથિયારો જ્યાં પડેલા છે તે વિસ્તારમાં હુમલા કરવામાં આવી રહ્યા છે. ઉપરાંત તેના અડ્ડા પર હુમલા કરાઈ રહ્યા છે. કુર્દીશ પ્રદેશના અરબિલ તરફ ત્રાસવાદીઓની કુચને દુતાવાસ અને અન્ય સ્થળો આવેલા છે. સાથે સાથે અમેરિકાની અન્ય સલાહકારોની ઓફિસ પણ છે. આ વિસ્તારોમાં ઈસ્લામિક ત્રાસવાદીઓએ મોટી સંખ્યામાં લઘુમતિ સમુદાયના લોકોને બાનમાં





છે. ત્રાસવાદીઓ નાગરિકો પર અંધાધુધ ગોળીબાર કરી રહ્યા છે. ત્રાસાવાદીઓના હથિયાર ભરેલા વાહનોને ફુંકી મારવામાં આવ્યા છે. અમેરિકી પ્રમુખ બરાક ઓબામાએ હુમલા કરવાની કરી દીધા છે. મોટી સંખ્યમાં ત્રાસવાદીઓનો ખાત્મો થઈ ચુક્યો છે. અરબિલ નજીક આઈએસઆઈએસના ટાર્ગેટ પર હુમલા કરવામાં આવી રહ્યા છે. અરબિલમાં જ અમેરિકી ઓફિસ રોકવા માટે હુમલા શરૂ કરાયા છે. અત્રે ઉલ્લેખનીય છે કે અમેરિકાના પ્રમુખ બરાક ઓબામાએ હાલમાં જ ઈરાકમાં હવાઈ હુમલા કરવાની લીલીઝંડી આપી દીધી હતી. ઈરબિલમાં અમેરિકાના વાણિજ્ય પકડી લીધા છે. આ સંગઠનના ત્રાસવાદીઓએ ગઈકાલે ખ્રિસ્તી શહેર કારાકુશ પર કબજો કર્યો હોવાનો દાવો કર્યો હતો. અમેરિકાના હુમલા હજુ જારી રહે તેવા સંકેત દેખાઈ રહ્યા છે.

### હું રસ્તે રઝળતી વારતા (પાના નં. ૪ નું ચાલુ)

જવાહરલાલ ફાસીવાદી ન બની શકે, અને તેમ છતાં તેમને સરમુખત્યાર બનાવે તેવા ઘણાં લક્ષણો તેમનામાં છે : અતિશય લોકપ્રિયતા, સુદૃઢ મનોબળ, તાકાત, જુસ્સો, ગર્વ, સંગઠનશક્તિ, યોગ્યતા, કડકાઇ, લોકસમૂહ પ્રત્યે તેમનો પ્રેમ હોવા છતાં બીજાઓ પ્રત્યેની તેમની થોડીક અસહિષ્ણુતા અને નિર્બળ તથા અણઘડ પ્રત્યે તેમનો કંઇક તિરસ્કાર. એમના મિજાજના ચમકારા સુવિખ્યાત છે. ધાર્યું કરવા માટે, અણગમતું ફગાવી દેતા માટે અને નવું સર્જવા માટે ઉછળતો તેમનો મનોભાવ લોકશાહીની ધીમી પ્રક્રિયાને લાંબો સમય ભાગ્યે જ સહી શકશે. તેઓ તેમની ઇચ્છા મુજબ કામ થાય છે કે નહીં તેની તકેદારી રાખશે. સામાન્ય સંજોગોમાં તેઓ કેવળ સફળ અને કાર્યક્ષમ વહીવટકર્તા બની રહેશે. પરંતુ આ ક્રાંતિકારી યુગમાં સીઝર હંમેશા બારણાં ઠોકી રહ્યો હોય છે. જવાહરલાલ સીઝર બનવાની કલ્પના કરે એવી શક્યતા નથી શું?

આમાં ભારત અને જવાહરલાલ માટે જોખમ રહેલું છે. કારણ ભારત સીઝરવાદ દ્વારા સ્વાતંત્ર્ય સિદ્ધ કરી શકશે નહીં. કલ્યાણકારી અને કાર્યક્ષમ એકહથ્થુ સત્તા હેઠળ તે સમૃદ્ધ થઇ શકશે છતાં તે કુંઠિત રહેશે અને તેની પ્રજાની મુક્તિમાં વિલંબ થશે.

બે વર્ષથી જવાહરલાલ પ્રમુખ તરીકે ચૂંટાયા છે અને એમને પોતાનું મહત્ત્વ એવું બતાવ્યું છે કે ઘણા એમને ત્રીજી વખત પ્રમુખ તરીકે ચૂંટાવાની વાતો કરે છે, પણ ત્રીજી વાર એ ચૂંટાયા તો તેના જેવી હિન્દની બીજી કુસેવા થવાની થી. એથી મહાસભાને ભોગે એક માણસની જ પૂજા થયા કરશે. એથી જવાહરની બુરાઇઓને આપણે ખોટું ઉત્તેજન આપીશું, એમની અભિમાનવૃત્તિ વધારીશું, એ એમ જ માનતા થઇ જશે કે ફક્ત એ જ હિન્દના પ્રશ્નોનો ઉકેલ લાવી શકે તેમ છે. આપણે એ યાદ રાખવું જોઇએ કે એ બહારથી મહાસભાના મોટા હોદ્દા તરફ નિર્લેપ વૃત્તિ દર્શાવતા હોય છતાં, છેલ્લા સત્તર વર્ષથી એમને મહાસભાના મહત્ત્વનાં હોદ્દા પોતાની પાસી રાખ્યા છે. આપણે હવે બતાવી આપવું જોઇએ કે જવાહરલાલ અનિવાર્ય નથી અને તેથી તેમને ત્રીજી વાર પ્રમુખ તરીકે ચૂટવાનું હિન્દને પરવડે તેમ નથી.

આ માટે એક વ્યક્તિગત કારણ પણ છે. તેઓ ભલે હિંમતભરી વાતો કરે છે છતાં સ્પષ્ટપણે શ્રમિત અને શિથિલ બની ગયા છે. જો તેઓ પ્રમુખ તરીકે ચાલુ રહેશે તો તેઓ વધુ શિથિલ થઇ જશે. તેઓ આરામ લઇ શકશે નહીં કારણ એક વાર વાઘ પર સવારી કર્યા પછી તેના પરથી ઊતરી શકાતું નથી. ભારે બોજ અને જવાબદારીમાં તેમની માનસિક શક્તિઓ ક્ષીણ થતી આપણે અટકાવીએ અને તેમને બહેકી જતા રોકીએ. ભવિષ્યમાં તેમની પાસેથી સારા કાર્યની અપેક્ષા રાખવાનો આપણો અધિકાર છે. આપણે એ ભાવિને કલુષિત ન કરીએ અને વધુ પ્રશંસા કરીને કે વધુ મહત્તા આંકીને તેમને પણ મોઢે ન ચડાવીએ. તેમની પતરાજી ખરેખાત ભયંકર છે. તેને અંકુશમાં રાખવી જ જોઇએ. આપણે સીઝરો જોઇતા નથી.

**('ચાણક્ય'ના ઉપનામથી પં. જવાહરલાલ નહેરૂએ લખેલ લેખ)**

**શ્રી યશવંત દોષી સંપાદિત પુસ્તક 'નહેરુ શું કહી ગયા?' માંથી સાભાર**

# નવા ઈમેઈલ આઈડી માટે ફોન નંબર ફરજિયાત

## જીમેઇલ અને યાહૂ દ્વારા નવો નિર્ણય કરાયો : સ્પામને રોકવાના હેતુસર જીમેઇલ અને યાહૂનો નિર્ણય

નવીદિલ્હી,તા. ૧૦

વિશ્વની સૌથી મોટી અને લોકપ્રિય ફ્રી ઈમેઈલ સેવા ઉપલબ્ધ કરાવતી જીમેઈલ અને યાહૂ કંપનીએ સ્પામને ડામવાના હેતુસર નવા ઈમેઈલની રચના માટે હવે ટેલિફોન નંબરોને ફરજિયાત બનાવી દીધા છે. જીમેઈલ અને યાહૂ દ્વારા જણાવવામાં આવ્યુંછે કે, હવે નવા ઈમેઈલ આઈડી બનાવવાની ઈચ્છા ધરાવતા કોઈપણ વ્યક્તિને ટેલિફોન નંબર આપવો પડશે. આ ટેલિફોન નંબરો વેરિફિકેશન માટે જીમેઈલ અને યાહૂ ઉપયોગ કરશે. ગુગલ ઈન્ડિયાના પ્રવક્તાએ દાવો કર્યો છે કે, ફોન નંબર આપવાની બાબત વૈકલ્પિક છે પરંતુ જીમેઈલ ઉપર નવા ઈમેઈલ એડ્રસ બનાવવાના વારંવારના પ્રયાસોના લીધે સમસ્યા ઉભી થઈ છે. આના લીધે આ નિર્ણય લેવામાં આવ્યો છે. જીમેઈલ વેબસાઈટે કહ્યું છે કે, સ્પામ ઈમેઈલ મોકલનાર લોકોને રોકવાના હેતુસર ફોન નંબરની માંગ કરવામાં આવી છે. દુરુપયોગથી યુઝરને રોકવાના પ્રયાસરુપે આ હિલચાલ હાથ ધરાઈ છે. યુઝરોને પણ કેટલીક સૂચના આપવામાં આવી છે. ગુગલે એક ટેલિફોન નંબરનો ઉપયોગ કરીને ઉભા કરવામાં આવતા એકાઉન્ટના સંદર્ભમાં પણ સલાહ આપી છે. મર્યાદિત સંખ્યામાં એકાઉન્ટની વાત કરવામાં આવી છે. જીમેઈલ માટે એક વ્યક્તિ ટેલિફોન નંબર અથવા તો મોબાઈલ નંબર આપી શકે છે જ્યારે નવા યાહૂ માટે મોબાઈલ નંબર ફરજિયાત રહેશે. યાહૂમાં અમારા યુઝરોની સુરક્ષા માટે અમે કટિબદ્ધ છે. જેથી તેમના મોબાઈલ નંબર ઓથેન્ટિકેશનના બીજા અર્થ તરીકે નોંધણીમાં ઉપલબ્ધ કરાવવા યુઝરોને કહેવામાં આવ્યું છે. ઈન્ટરનેટ સર્વિસ પ્રોવાઈડર્સ એસોસિએશન ઓફ ઈન્ડિયાનું કહેવું છે કે, ઈમેઈલ એડ્રસ ધરાવવા માટે ટેલિફોન નંબર ફરજિયાત કરવાની બાબતની કોઈ જરૂરિયાત નથી. આ હિલચાલની ઝાટકણી કાઢવામાં આવી છે. આવી પ્રથાથી વ્યક્તિગતોની ગુપ્તતાનો પર્દાફાશ થશે. યુઝરની પ્રાઈવેસી ઉપર આ પ્રહાર સમાન છે.